# ૨૭ મે -૨૦૧૬ (શુક્રવાર)

**(૧) રાજ્યમાં વિકલાંગ કપલને લગ્ન માટે સરકારની સહાય :**

- હવે રાજ્યમાં વિકલાંગ કપલને લગ્ન માટે સરકાર ૧ લાખ રૂા. સહાય આપશે.
- અત્યાર સૂધી કપલ પૈકી કોઇ એક વ્યક્તિને ૨૦ હજારની આર્થિક સહાય આપવામાં આવતી હતી.
- પરંતુ હવે યુગલ દીઠ બંનેને ૫૦-૫૦ હજાર રૂા. આપવામાં આવશે.
- બેમાંથી જો કોઇ એક પાત્રા સામાન્ય વયક્તિ હોય તો વિકલાંગ વ્યક્તિને જ ૫૦ હજારની સહાય મળશે.
- આ ઉપરાંત રાજ્ય સરકારે વિકલાંગ સાધન સહાય યોજનામાં પણ વયમર્યાદા દુર કરી સહાયની યોજનામાં પણ વયમર્યાદા દુર કરી સહાયની રકમ ૬ હજારથી વધારી ૧૦ હજાર કરવામાં આવી.
- તેમજ સરકાર દ્વારા પોલિયાના દર્દી માટે શસ્ત્રક્રિયા અને ને પછીના કાર્યક્રમની યોજનામાં ઓપરેશન વગેરે પેટે ૩૫૦૦ ની સહાયની મર્યાદા હતી, તેને બદલે ૧૦ હજાર રૂા. કરવામાં આવી છે.

**(૨) ધર્મવીર નૈન - થ્રોઅર : પેરા એથ્લિટ**

- સોનીપતના ધર્મવીર નૈને આગામી રિયો ઓલિમ્પિક માટે ક્વૉલિફાય કર્યું.
- ધર્મવીર પેરિસમાં આયોજીત ફ્રેન્ચ ઓપન એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં ક્લબ થ્રો અને ડિસ્કસ થ્રો માં સિલ્વર મેડલ જીતી ઓલિમ્કમાં ક્વૉલિફાય કર્યું.
- આ ઉપરાંત અન્ય ભારતીય પેરા એથ્લીટ અમિત સરોહાએ પણ આ ચેમ્પિયન શીપમાં ગોલ્ડ મેડલ જીતી રિયો માટે ક્વૉલિફાય કર્યું.

**(૩) સંજય બાંગર : ક્રિકેટ કોચ**

- ભારતીય ક્રિકેટ બોર્ડ ઝિમ્બામ્બ્વે પ્રવાસ માટે સંજય બાંગરને કોચ તરીકે નિમણૂંક કરી છે
- ભારતીય ક્રિકેટ ટીમના ડાયરેક્ટર તરીકે રવિ શાસ્ત્રીનો બોર્ડ સાથેનો કરાર પૂરો થઇ જતા હાલ ઝિમ્બાબ્વે પ્રવાસ પુરતું સંજય બાંગરને જવાબદારી સોંપાઈ છે.

(૪) પ્રણવ મુખરજી - રાષ્ટ્રપતિ

- રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી ચીનના પ્રવાસે છે.

પ્રશ્નો :

(૧) રાજ્યમાં વિકલાંગ વ્યક્તિ લગ્ન કરે તો કેટલી સહાય આપવામાં આવશે ?
- ૫૦ હજાર

(૨) રાજ્ય સરકાર દ્વારા વિકલાંગ સાધન સહાય યોજનામાં કેટલી સહાય આપવામાં આવે છે ?
- રૂા. ૧૦ હજાર

(૪) હાલમાં રાજ્ય પોલિયોના દર્દી માટે શસ્ત્રક્રિયા અને પછીના કાર્યક્રમની યોજનામાં કેટલી સહાય આપવામાં આવે છે ?
- રૂા. ૧૦ હજાર

(૪) જો વિકલાંગ યુગલ લગ્ન કરે તો સરકાર દ્વારા કેટલી આર્થિક સહાય આપવામાં આવશે ?
- રૂા. ૧ લાખ

(૫) ધર્મવીરનૈન કઈ રમત સાથે સંકળાયેલ છે ?
- ડિસ્કસ થ્રો (પેરા એથ્લીટ્સ)

(૬) તાજેતરમાં ઝિમ્બાબ્વેના પ્રવાસ માટે ભારતીય ક્રિકેટ ટીમના કોચ તરીકે કોને જવાબદારી સોંપાઇ ?
- સંજય બાંગર

(૭) મે-૨૦૧૭માં રાષ્ટ્રપતિએ કયાં દેશની મુલાકાત લીધી ?
- ચીન

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧